કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૪૬૩૪

તા. ૩/૧૦/૨૦૧૮

પ્રતિ.
આચાર્યશ્રી
તમામ શાળા.

વિષય – સત્ર ફી આપવા અંગે.

આથી જણાવવામાં આવે છે કે ન.પ્રા.શિ.સ. સુરત ના શૈક્ષણીક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓના બાળકોને કે જેઓ માધ્યમિક શાળામાં શિક્ષણ પુરુ કર્યા બાદ સને ૨૦૧૭-૧૮ ના વર્ષમા ઉચ્ચતર માધ્યમિક કે કોલેજમા શિક્ષણ મેળવતા હોય તેઓને ટ્યુશન/શિક્ષણફીની રકમ મેળવવા ઈચ્છતા હોય તેમણે કચેરીએ આ સાથે મુકેલ ફોર્મ ભરી તા. ૨૫/૧૦/૨૦૧૮ સુધીમાં અરજી પત્રક અત્રેની કચેરીએ મોકલી આપવાના રહેશે.

## નિયમો-

૧. ન.પ્રા.શિ.સ. ના કર્મચારીઓને આ અંગેની યોજનાની જોગવાઈમાંથી સુરત મહાનગરપાલિકાના નિયમોને આધિન રહી મેળવવા પાત્ર તેમજ તે માટેની નાણાંકીય જોગવાઈ આધિન રહી લાભ આપવામાં આવશે .

૨. જે કર્મચારી /શિક્ષક/શિક્ષીકાએ શિક્ષણ ફી ની રકમ ઈન્કમટેક્ષમાં બાદ લીધી હોય તેમણે અરજી પત્રક ભરવું નહી.

૩. જે કર્મચારીના પુત્ર/પુત્રી એસ.એસ.સી પછીના હાયર સેકન્ડરી ડીગ્રી કે ડિપ્લોમા અગર પોષ્ટ ગ્રેજ્યુએશન માટે માન્ય સંસ્થામા આગળ અભ્યાસ કરવા દાખલ થાય તેની ફી મેળવવા અરજી કરી શકશે પરંતુ ગુજરાત રાજ્ય બહાર જે કર્મચારી ના બાળકોને અભ્યાસ માટે મોકલવામાં આવે તેઓને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માન્ય કોલેજ જેટલી જ ફી આપવામાં આવશે. જો કોઈ કોર્ષ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમા ન હોય તો ગુજરાત યુનિવર્સિટી / બરોડા યુનિવર્સિટી નુ ધોરણ ધ્યાનમા લઈ તેટલી ફી આપવામાં આવશે. કોઈ કોર્ષ આ ત્રણેય યુનિવર્સિટીમાં ન હોય તો વધુમા વધુ તેવી યુનિવર્સિટીમાં જે અભ્યાસક્રમ ની ફી હોય તેથી વધુ રકમ ચુકવવામાં આવશે.

૪. અધુરી માહિતી વાળી તેમજ મુદત બહાર આવેલી અરજીઓ દફતરે કરવામા આવશે જેની નોંધ લેશો.

૫.અરજદાર કર્મચારીને એક કરતા વધારે સંતાનો હોય અને તે પૈકી જે સંતાનનું બીજે સ્થળે કે સંસ્થામાંથી કે ટ્રસ્ટમાંથી શિક્ષણ ફીની રકમ મળતી હશે તો તેમના પુરતી શિક્ષણ સમિતી મદદ કરશે

નહિ. પરંતુ જે સંતાનને પુરેપુરી મદદ નહિં મળતી હશે અથવા અંશતઃ મદદ મળતી હશે તેઓ આ નિયમને આધિન મદદ મેળવવા પાત્ર થશે.

ક. એક થી વધુ સંતાનોને માટે જુદી જુદી અરજી કરવી.

૭.જો વિદ્યાર્થીઓ ધો.૧૧ તથા ધો.૧૨ માં અભ્યાસ કરતા હશે તો અરજદારે અરજી પત્રક સાથે શાળા નોન ગ્રાંટેબલ છે તે અંગેનુ પ્રમાણપત્ર અવશ્ય આપવાનું રહેશે. ગ્રાંટેબલ શાળા હોય તો ફોર્મ ભરવા નહિં. જેની ખાસ નોંધ લેવી.

૮. જો બીજે સ્થળેથી મદદ મળતી હોય તો ખરેખર ટ્યુશન / શિક્ષણ ફી અંગે થયેલ ખર્ચની રકમ માંથી આવી રકમ બાદ કરી બાકીની રકમ માટે મદદ મળવા પાત્ર થશે.

૯. બંને સત્ર માટે ટ્યુશન / શિક્ષણ ફી પેટે જે ખર્ચ થયો હશે તે નિયમોને આધિન તથા ઉપલબ્ધ ફંડ આધારે આપવામાં આવશે.

૧૦. જે શૈક્ષણિક વર્ષે મદદ આપવાની હોય તેના અગાઉના વર્ષમા અરજી કરનારના પુત્ર/પુત્રી એ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ ફક્ત પાસ થયેલા સંતાનો અરજી કરી શકશે. એ.ટી.કે.ટી. થી પાસ ગણવા છેલ્લી પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની ખરી નકલ અરજી સાથે જોડવી જો નાપાસ થાયતો લીધેલ ટ્યુશન/ શિક્ષણ ફી પરત કરવાની રહેશે. જો ચાલુ વર્ષની પરીક્ષા ન આપે ને અભ્યાસક્રમ છોડી દેતો લીધેલ ટ્યુશન/ શિક્ષણ ફી પરત કરવાની રહેશે.

અ. મેડીકલ/એન્જી. અભ્યાસક્રમોમાં કોલેજોમા પ્રવેશ અંગેની કાર્યવાહી મોડી શરૂ થતી હોવાથી કર્મચારીઓએ ફોર્મ એડવાન્સમાં ભરવાનું રહેશે. તથા ફોર્મ સાથે પ્રવેશ કયા અભ્યાસક્રમ મા મેળવનાર છે./ મેળવવા અરજી કરેલ છે તેની વિગત રજુ કરવાની રહેશે.

બ. ધો. ૧૨ પછીના કોઈ પણ અભ્યાસમા પ્રવેશ મેળવતી વખતે સંસ્થા તરફથી આપવામાં આવતી પ્રોસ્પેકટર્સ/માર્ગદર્શિકાની ઝેરોક્ષ ફોર્મ સાથે અચુક રજુ કરવાની રહેશે. (ખાસ કરીને એન્જીયરીંગ મેડીકલ તથા અન્ય ડિપ્લોમા ડિગ્રી અભ્યાસ ક્રમ )

૧૧. પ્રથમ તબક્કામા દરેક કર્મચારીના એક પુત્ર/પુત્રી પુરતી આપી મદદ મર્યાદિત રહેશે. આ પ્રમાણે ફાળવણી કર્યા બાદ આ અંગે જોગવાઈ કરેલા ફંડ મા બચત રહેશે તોજ કર્મચારીના બીજા પુત્ર/પુત્રીની ટ્યુશન ફી માટે મદદ આપવામાં આવશે .

૧૨.આવેલી અરજીઓ ઉપરની માંગણીની જે એકંદર રકમ થાય તે રકમ કરતા જોગવાઈ કરવામાં આવેલી રકમ ઓછી હોય તો તેજ પ્રમાણે નક્કી કરેલી રકમ ઉપલબ્ધ હોય તે પ્રમાણે દરેક માંગણી દારના માંગણી સામે ફાળવણી કરવામાં આવશે.

૧૩. પછાત વર્ગના કર્મચારીઓના બાળકોને કે જેઓને સરકાર તરફથી કે કોલેજ તરફથી મદદ મળતી હોય તેમને આ શિક્ષણ ફી/ ટ્યુશન ફી નો લાભ મળશે નહિં.

૧૪. દરેક અરજદાર કર્મચારીએ પોતાના પુત્ર/પુત્રી ને સરકાર કે કોલેજ તરફથી માફી મળતી નથી તેનો દાખલો ફરજીયાત રજુ કરવો પડશે.

૧૫. જે તે શિક્ષકોની અરજીની વિગતો શાળાના આચાર્યશ્રીએ ચકાસી તેનું સર્ટીફીકેટ આપવુ. આચાર્યશ્રીની ભલામણ વિનાની અરજી સ્વીકારવામાં આવશે નહિં.

૧૬. અરજદારના પુત્ર/પુત્રી માટે બંને સત્રમા ભરેલી ટ્યુશન/ શિક્ષણ ફી ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. પ્રમાણિત કર્યા સિવાયની નકલ ચલાવી લેવાશે નહિં.

૧૭. અરજદાર ના પુત્ર/પુત્રી ખાનગી સંસ્થામા કોર્ષ અથવા અભ્યાસ કરતા હોય તે સંસ્થા સરકાર માન્ય હોય તો તે અંગેનુ પ્રમાણ પત્ર રજુ કરવુ.

૧૮.કન્યા કેળવણી સરકારશ્રી તરફથી માફી મળતી હોય તેઓએ ફોર્મ ભરવા નહિં( કન્યાની સત્ર ફી માટેધો.૧૧ અને ૧૨ માટે જ સત્ર ફી મળતી નથી સ્નાતકકક્ષાના અભ્યાસ માટે સત્રફી મળવાપાત્ર નથી.)

૧૯. જે અરજદારના પુત્ર/પુત્રીને પેમેન્ટ સીટ પર પ્રવેશ મળેલ હોય તેમણે ફોર્મ ભરવા નહિં.

૨૦.

| ક્રમ | અભ્યાસની વિગત | મળવાપાત્ર રકમ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ધો.૧૧ અને ૧૨ | ૫૦૦ | |
| ૨ | ડીપ્લોમાં | ૧૦૦૦ | કન્યાઓને મળશે નહિ |
| ૩ | ફાર્મસી, એમબીએ, પીજીડીએમ, આર્ટીટિકચર | ૧૫૦૦ | |
| ૪ | એમસીએ અને એમબીબીએસ | ૩૦૦૦ | |

સદર બાબતની જાણ દરેક કર્મચારીને કરવા નોંધ લેશો.

ફોર્મ સાથે જરૂરી પુરાવાની વિગત નીચે મુજબ છે.

૧. શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર, માર્કસીટ ની પ્રમાણિત નકલો.
૨. સને ૨૦૧૭-૧૮ ના વર્ષની ફી રસીદની પ્રમાણિત નકલ.
૩. ધો. ૧૧-૧૨ માં નોન ગ્રાંટેબલ નુ પ્રમાણપત્ર ૨૦૧૭/૧૮ નુ અવશ્ય આપવુ.
૪. એન્જીનિયરીંગ , મેડીકલ , ડિપ્લોમાનું પ્રોસ્પેક્ટર્સ (માર્ગદર્શિકા) રજુ કરવી.
૫. કોલેજ તરફથી ફી માફી મળી નથી તેનો દાખલો રજુ કરવો.
૬. આચાર્યશ્રી તરફથી સર્ટીફીકેટ રજુ કરવુ.

(સહી)
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

બિડાણઃ- નં.સી.એમ.એફ/૦૮ તા. ૨૦/૦૯/૨૦૧૮
સવિનય નકલ રવાના – અધ્યક્ષશ્રી ન.પ્રા.શિ.સમિતિ, સુરત.

# પ રિ પ ત્ર

મહાનગરપાલિકાના કર્મચારીઓના પુત્ર / પુત્રી કે જેઓ એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમમાં આગળ અભ્યાસ કરતા હોય, તેઓને સ્થાયી સમિતિના તા.૧૨.૦૯.૮૦ ના ઠરાવ નં.૮૨૬, તા.૧૦.૦૯.૮૨ના ઠરાવ નં.૭૯૪ તથા તા.૧૬.૦૫.૯૧ ના ઠરાવ નં.૨૫૩ થી નક્કી થયેલ શરતોને આધિન રહી સત્ર ફી(ટ્યુશન ફી) ચુકવવાનું નક્કી કરવામાં આવેલ છે.

જે કર્મચારીઓના બાળકો દ્વારા એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમમાં સને ૨૦૧૮–૨૦૧૯ નાં વર્ષમાં આગળ અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો હોય અને ટ્યુશન ફી / સત્ર ફી મેળવવા ઈચ્છુક હોય, તેવા કર્મચારીઓનાં કિસ્સાઓમાં કર્મચારી પાસેથી સત્ર ફી (ટ્યુશન ફી) મેળવવા માટે આ સાથે સામેલ કરવામાં આવેલ નિયત નમુના મુજબના જરૂરી વિગત સહિતનાં અરજી ફોર્મમાં જરૂરી વિગતો મેળવી આ સાથેના સામેલ પત્રકમાં દર્શાવેલ કોલમવાઈઝ વિગતો તૈયાર કરી અરજીફોર્મ તથા પત્રકની ખાતાધિકારી કક્ષાએથી જરૂરી ચકાસણી થયા બાદ જ નિયત અરજીફોર્મ તથા શોફ્ટ કોપી ftp:\\10.11.1.2 પર **CENTRAL OFFICE** નાં ફોલ્ડરમાં **TUTION FEE-2018** ની ફાઈલમાં નિર્દેશિત પત્રક **Microsoft Excel, LMG-Arun Font** માં ટાઈપ કરી તેની અધિકૃત હાર્ડકોપી ખાતા મારફત જ મધ્યસ્થ કચેરીમાં તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

અધુરી માહિતીવાળી તેમજ નિયત સમય બાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી.

<u>નોંધ</u> : ૦૧. સને ૨૦૧૭–૨૦૧૮ નાં શૈક્ષણિક વર્ષમાં પાસ કરવામાં આવેલ પરીક્ષાની માર્કશીટની ખરી નકલ તેમજ સને ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષમાં સત્ર ફી / ટ્યુશન ફી ભર્યા બદલ સંસ્થા તરફથી મળેલ રસીદની પ્રમાણિત નકલ અરજી ફોર્મ સાથે અવશ્ય સામેલ કરવી. જયારે બીજી ટર્મની ફી ભર્યેથી દિન–૧૫ માં રસીદ અવશ્ય રજુ કરવાની રહેશે. તે અંગેનું કબુલાતપત્ર અરજી ફોર્મની સાથે આપવાનું ફરજીયાત છે.

૦૨. <u>મેડીકલ / એન્જીનિયરીંગ જેવા અભ્યાસક્રમોમાં કોઈ સંસ્થા / કોલેજોમાં પ્રવેશ અંગેની કાર્યવાહી મોડી શરૂ થતી હોય તેવા કિસ્સામાં કર્મચારીઓએ અરજી ફોર્મ એડવાન્સમાં અત્રે મોકલવાનું રહેશે તથા ફોર્મ સાથે પ્રવેશ કયા અભ્યાસક્રમમાં મેળવનાર છે / મેળવવા અરજી કરેલ હોય, તેની વિગત સામેલ કરવાની રહેશે.</u>

૦૩. ધોરણ–૧૨ પછીના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતી વખતે સંસ્થા તરફથી આપવામાં આવતા પ્રોસ્પેકટસ / માર્ગદર્શિકાની નકલ ફોર્મ સાથે અચુક સામેલ કરવાની રહેશે.(ખાસ કરીને એન્જીનિયરીંગ મેડીકલ તથા ડીપ્લોમાં / ડીગ્રી અભ્યાસક્રમ)

નં.સી.એમ.એફ/૦૮
તા.૨૦.૦૮.૨૦૧૮
મધ્યસ્થ કચેરી

આસી.કમિશનર (HQ)
સુરત મહાનગરપાલિકા

નકલ સા. રવાના : મે.કમિશનરશ્રી પ્રતિ,...જાણ સારુ.
નકલ સ. રવાના : તમામ વિભાગીય વડાશ્રીઓ પ્રતિ,..જાણ માટે.
નકલ રવાના : તમામ ખાતાધિકારીશ્રીઓ / તમામ ઝોનલ ઓફીસરશ્રીઓ પ્રતિ,..જાણ તથા તાબા હેઠળના તમામ કર્મચારીઓને બિનચૂક જાણ કરવા સમયમર્યાદામાં અમલ થાય તે સારું.

આવક નંબર એમ. એસ. બી. ૯૪૨૩
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
પરત તા ૨૦ ૯/૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા

## મહાનગરપાલિકાના કર્મચારીઓના પુત્ર / પુત્રીઓ એસ.એસ.સી. પછીના અભ્યાસ માટે

## <u>સત્ર ફી / ટયુશન ફી મેળવવા માટેનું અરજી ફોર્મ.</u>

| | | | |
|---|---|---|---|
| ૦૧. | અરજદારનું પૂરેપુરુ નામ | : | |
| ૦૨. | કર્મચારી નંબર અને હોદ્દો | : | |
| ૦૩. | ખાતા / ઝોનનું નામ | : | |
| ૦૪. | કર્મચારીના પુત્ર / પુત્રીનું નામ પુત્ર | : | |
| | પુત્રી | : | |
| ૦૫. | સંપર્ક / મોબાઈલ નંબર | : | |
| ૦૬. | સને ૨૦૧૮–૧૯ ના શૈક્ષણિક વર્ષના કયા અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે. | : | |
| ૦૭. | સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં લેવાયેલ પરિક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરેલ છે ? (હા કે ના) | : | |
| ૦૮. | કયા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા હતા ? (માર્કશીટની પ્રમાણિત નકલ રજુ કરવી) | : | |
| ૦૯. | મેળવવામાં આવેલ પ્રવેશ અંગેની વિગત(ફ્રી સીટ / પેમેન્ટ / ડોનેશન સીટ / સ્વનિર્ભર અભ્યાસક્રમ) | : | |
| ૧૦. | હાલમાં જયાં અભ્યાસ કરતા હોય તે કોલેજ / સંસ્થાનું નામ તથા સરનામુ. | : | |
| ૧૧. | બીજી કોઈ સંસ્થા / જ્ઞાતિ / મહાશાળામાંથી આર્થિક મદદ મેળવી છે ? મેળવી હોય તો તે અંગેની વિગત. | : | |
| ૧૨. | સને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટે ટયુશન / સત્ર ફી ની મદદ મેળવી છે ? | : | |
| ૧૩. | માફી / અર્ધ માફી મળે છે ? | : | |
| ૧૪. | સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં કુલ ટયુશન / સત્ર ફીની (બંને ટર્મ માટે) જરૂરી રકમ. | : | |
| ૧૫. | સને ૨૦૧૮–૧૯ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ / અનુ.જનજાતિ / બક્ષીપંચ વિગેરે જ્ઞાતિના વિદ્યાર્થીઓએ સરકારશ્રી અથવા અન્ય સંસ્થામાંથી શૈક્ષણિક મદદ / સ્કોલરશીપ મેળવેલ છે કે કેમ ? | : | |

ફકત ટયુશન / સત્ર ફીની રકમ......................

ઉપર જણાવેલ હકીકત મારી જાત માહિતી પ્રમાણે બરાબર છે અને તે ખરી છે.

____________________________ ____________________________

અરજદારના પુત્ર / પુત્રીની સહી. અરજદારની સહી

# <u>કબુલાતપત્ર</u>

આથી હું જાહેર કરુ છું કે, મારા પુત્ર/પુત્રી .........., સંસ્થા/કોલેજ.............. ના ધોરણ / વર્ષ .......................માં અભ્યાસ કરે છે. સને ૨૦૧૮–૨૦૧૯ વર્ષના સમય માટે સુરત મહાનગરપાલિકા તરફથી ટ્યુશન / સત્ર ફી આપવામાં આવ્યેથી તેની બીજી ટર્મ માટે ભરેલ ફીની રસીદની નકલ ફી ભર્યેથી દિન–૧૫ માં રજુ કરીશ તેમજ આ સમય દરમ્યાન મારા પુત્ર / પુત્રી તરફથી કોઈ સ્થળે નોકરી કરી નથી, કરશે નહી. આમ છતાં પણ જો આ સમયગાળા દરમ્યાન નોકરી કર્યાનું માલમ પડશે તો હું પૂરેપુરી ટ્યુશન / સત્ર ફી દિન–૩ માં પરત કરવા બાંહેધરી આપું છું.

તા. . .૨૦૧૮
સ્થળ:

____________________
અરજદારની સહી

____________________
ખાતાના વડાની સહી

.....................ખાતા / ઝોનનાં કર્મચારીઓનાં ટ્યુશન ફી / સત્ર ફી મેળવવા અંગેની અરજીફોર્મ સંલગ્ન વિગત દર્શાવતું પત્રક (સને ૨૦૧૮–૧૯)

| અ.નં. | કર્મચારીનું નામ | કર્મચારી નંબર | ખાતા / ઝોનનું નામ | બાળકનું નામ | અભ્યાસનું વિગત / વર્ષ | કોલેજ / સંસ્થાનું નામ | ભરેલ ટ્યુશન ફી રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૧૦ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |